

# આહ્‌વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૪૬ | એપ્રિલ - ૨૦૧૯ | પત્ર - ૭૫

## "પ્રભુના મુખને શોધવું"

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં પ્રભુ હંમેશાં માણસોને પોતાની તરફ બોલાવતા જોઈએ છીએ. આદમ - હવાએ પાપ કર્યું ત્યારે દેવે હાંક મારી આદમ તુ ક્યાં છે ? ઈસ્રાએલી પ્રજા પ્રભુથી વિમુખ થાય છે ત્યારે તેઓને પ્રભુ કહે છે કે મારી તરફ પાછા ફરો. નવા કરારમાં પ્રભુ ઈસુ કહે છે કે હું ખોવાયેલું શોધવા આવ્યો છું તથા વૈતરુ કરનારા અને ભારથી લદાયેલાને બોલાવે છે. જે પ્રભુ માણસ માટે હંમેશા પ્રેમ, દયા અને કૃપાની દૃષ્ટિ રાખે છે તે પ્રભુના મુખને આપણે શોધીએ છીએ ?

વ્હાલાઓ લેન્ટના અને દુઃખ સહનના દિવસોએ પ્રભુના મુખને શોધવાના દિવસો છે. આ દિવસોમાં ઉપવાસ, પ્રાર્થના અને પવિત્ર વચનોના અભ્યાસ, વાંચન તથા બોધ ભાષણો દ્વારા પ્રભુના મુખને શોધવું જોઈએ. ગીતશાસ્ત્ર ૩૪:૫ માં પ્રભુ તરફ જોઈ અને પ્રકાશ પામવાની વાત લખવામાં આવી છે. આ દિવસોમાં આત્મપરિક્ષા કરવાની હોય છે. ગીતશાસ્ત્ર ૧૩૯;૨૩-૨૪ પ્રમાણે આપણે સનાતન માર્ગમાં ચાલવા માટે પ્રભુની કૃપા માગી પ્રાર્થના કરવાની છે.

પ્રભુના મુખને શોધવું એટલે પસ્તાવિક હૃદયે પ્રભુ તરફ દૃષ્ટિ કરવી. આપણે નિર્બળ અને અબળ છીએ. માત્થી પાંચમા અધ્યાયમાં પ્રભુ ઈસુએ કહ્યું છે કે મનમાં પાપનો વિચાર પણ પાપ છે.આ રીતે આપણા મનમાં, ક્રોધ, દ્વેષ, કડવાશ રાખીએ તે પણ પાપ સમાન છે. આ ઉપરાંત રોમન ૭:૧૫માં સંત પાઉલ જણાવે છે કે હું જે ઈચ્છું છે તે કરતો નથી પણ જે ધિક્કારું છું તે કરું છું. આત્મા તત્પર હોય છે પણ દેહની નબળાઈને કારણે પ્રભુથી વિમુખ થવાય છે. આથી આ દિવસોમાં આપણે સતત પ્રભુની પાસે પસ્તાવા સહિત જઈએ અને તેમના મુખને શોધીએ. ગીતશાસ્ત્ર ૫૧:૧૦ દાઉદ કહે છે હે દેવ મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર અને મારા આત્માને નવો અને દૃઢ કર, આ દિવસોમાં આપણી આવી જ પ્રાર્થના હોવી જોઈએ પ્રભુ આપણને શુદ્ધ હૃદય આપે.

આ દિવસોમાં આપણે પ્રભુ આપણને જેવા બનાવા માગે છે તેવા બની અને તેમના મુખને શોધનાર બનવું જોઈએ. જેમ કે પ્રભુએ લેવીય ૧૯:૨માં કહ્યું છે કે હું જેવો પવિત્ર છું તેવા તમે પવિત્ર થાઓ. લૂક ૬:૩૬માં પ્રભુ ઈસુએ કહ્યું છે કે જેવો તમારો બાપ દયાળું છે તેવા તમે દયાળુ થાઓ. માત્થી ૫:૪૮માં કહ્યું છે કે જેવો તમારો આકાશમાંનો બાપ સંપૂણ છે તેવા તમે સંપૂર્ણ થાઓ. પ્રભુ આપણને જેવા જોવાની ઈચ્છા રાખે છે તેવા બનવાથી આપણે સંપૂર્ણ બની શકીએ છીએ.

ઉપરોક્ત સર્વ બાબતો પ્રભુના મુખને શોધવા સબંધી સમજી શકીએ છીએ. વ્હાલાઓ આ દિવસોમાં આપણે નમ્ર અને પસ્તાવિક હૃદયે પ્રભુ આપણા માટે જેવી અપેક્ષા રાખે છે તેવું જીવન જીવી અને પ્રભુના મુખને શોધનાર બનીએ.

## પાછલા કાર્યો તરફ દૃષ્ટિપાત

- તા. ૧-૦૩-૨૦૧૯ : વિશ્વ પ્રાર્થના દિન નિમિતે સ્થાનિક મહિલા મંડળ દ્વારા સાંજે ૮-૦૦ કલાકે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં પ્રાર્થના સંગત રાખવામાં આવી. જેમાં સર્વ બહેનોએ વાંચન અને પ્રાર્થનામાં વારાફરતી આગેવાની આપી.
- તા. ૦૩-૦૩-૨૦૧૯ : રવિવારની ભજનસેવામાં પ્રભુ ભોજન પળાવવામાં આવ્યું.
  ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ખાસ પ્રાર્થના કરવામાં આવી.
  સાંજે ૭-૦૦ વાગે શ્રીમતી ડોરોથીબહેન જે. દાસના ઘરે તેઓના મકાનનું રીનોવેશન કાર્ય પૂર્ણ થતાં ખાસ પ્રાર્થના સંગત ચલાવી અને મકાન માટે પ્રાર્થના કરવામાં આવી.
- તા. ૦૬-૦૩-૨૦૧૯ ને બુધવારે સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં લેન્ટની શરૂઆતની પ્રથમ મિટીંગ ચલાવવામાં આવી. મીણબત્તી પ્રગટાવી ૪૦ દિવસની મિટીંગોને પ્રાર્થના સહ અર્પણ કરવામાં આવી.
- તા. ૧૦-૦૩-૨૦૧૯ : રવિવારની ભજનસેવા બાદ શ્રી/શ્રીમતી ફ્રેન્કલીનભાઈ ડી. ટેલરના લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ થતાં સર્વ માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી. આભાર,
- તા. ૧૭-૦૩-૨૦૧૯ : રવિવારે ડિ.સુ. રેવ. વિજય જે. મેકવાન સાહેબની આગેવાનીમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની સંયુક્ત ભજનસેવામાં હાજરી આપી. માનવંત બિશપ એન. એલ. કરકરે સાહેબે અસરકારક વચન આપ્યું. તથા જુવાન ભાઈ-બહેનોને પૂર્ણ સભાસદ બનાવ્યા.
  સ્થાનિક ચર્ચમાંથી ચિ. જેક એમ. રાઠોડ અને કું. એનેટ એ. ક્રિશ્ચિયનને પૂર્ણ સભાસદ બનાવ્યા. અભિનંદન.
  સ્થાનિક ચર્ચમાંથી મોટી સંખ્યામાં હાજરી આપી તથા સ્વયંસેવકો તરીકે જુદા જુદા કાર્યમાં મદદરૂપ બન્યા તે સર્વનો પુષ્કળ આભાર.

- તા. ૨૪-૦૩-૨૦૧૯ : રવિવારે સાંજના ૫-૦૦ કલાકે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરની પાસ્ટોરેટ કોન્ફરન્સ ડિ.સુ. રેવ. વિજય જે.મેકવાન સાહેબના પ્રમુખપણા હેઠળ મળી.
- તા. ૩૧-૦૩-૨૦૧૯ : રવિવારની ભજનસેવા બાદ શ્રી સિલાસભાઈ જી. ચૌહાણના જન્મદિવસ નિમિત્તે તેઓના કુટુંબ તરફથી સર્વ માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી. આભાર.

## BIRTHDATES IN APRIL-2019

| તારીખ | નામ |
|---|---|
| ૧/૪ | લીલાબેન જોસફભાઈ ક્રિશ્ચિયન |
| ૩/૪ | સામી આલ્ફ્રેડભાઈ ગામડીઆ |
| ૫/૪ | સીન્ડ્રેલા સુભાષભાઈ હિવાળે |
| ૬/૪ | સુધાબેન એચ. કુંજરાવિયા (USA) |
| ૭/૪ | રોઝમેરી એ. પેલમોર |
| ૯/૪ | શાલીન શૈલેશભાઈ માસ્ટર |
| ૧૨/૪ | સોલોમનભાઈ ટી. રૂબ્બી |
| ૧૬/૪ | રાજેશભાઈ આર.ક્રિશ્ચિયન |
| ૧૬/૪ | સેલીના ફ્રાન્સીસભાઈ ગોહિલ |
| ૧૬/૪ | સેનીટા પ્રશાંતભાઈ ક્રિશ્ચિયન |
| ૧૬/૪ | જીજ્ઞેશભાઈ જયંતકુમાર દાસ |
| ૧૬/૪ | લક્ષ્મીબેન ફ્રેડ્રીકભાઈ રાઠોડ |
| ૧૯/૪ | હર્ષદરાય એ. કુંજરાવિયા (USA) |
| ૨૦/૪ | ડેઝિલ ડિકસન હેરી |
| ૨૪/૪ | ખ્રિસ્તી ઈવેન્જલીના ઈમાનુએલ |
| ૨૫/૪ | સલોની નિરવ મહિડા |
| ૨૫/૪ | પારૂલ ઓનિલભાઈ ગામડીયા |
| ૨૬/૪ | નિયંતા કેનેથભાઈ ક્રિશ્ચિયન (USA) |
| ૨૭/૪ | કોમલબેન પ્રકાશભાઈ ખ્રિસ્તી |
| ૨૮/૪ | પ્રીમાબેન શરદભાઈ માસ્ટર |
| ૩૦/૪ | રશ્મીકાન્તભાઈ પી. મહિડા |
| ૩૦/૪ | દિપાલીબેન પરેશભાઈ પરીખ |

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | |
|---|---|---|
| કુ. અમિષા નિલેષભાઈ પરિખ | બર્થ ડે | ૩૦૦/- |
| શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રી રશ્મિકાંતભાઈ પી. મહિડા | આ.સ્તુતિ | ૧૦૦૦/- |
| શ્રીમતી પ્રકૃતિ આશિષ ફ્રેન્ક | બર્થ ડે | ૧૦૦૦/- |
| શ્રીમતી ડોરોથીબેન જે. દાસ | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રી આલાપભાઈ જે. માસ્ટર | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી ઓનિલ એ. પેટ્રીક | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રી શરદકુમાર બી. વાઘેલા | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી/શ્રીમતી ફ્રેન્કલીનભાઈ ડી. ટેલર | આ.સ્તુતિ | ૧૦૦૦/- |
| લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ થવા બદલ | | |
| શ્રીમતી રીટાબેન જે. કીન | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી કાંતિલાલ બી. સોલંકી | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી પરેશભાઈ બી. પરિખ | બર્થ ડે | ૨૦૦/- |
| ચિ. હેરોલ્ડ ક્રિસ્ટોફર ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૧૦૦/- |
| શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | લેન્ટ મીટીંગ | ૫૦૦/- |
| કુ. જીની જોનાભાઈ મેકવાન | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી આલાપભાઈ જે. માસ્ટર | લેન્ટ મીટીંગ | ૧૦૦૦/- |
| શ્રી રીચાર્ડ એસ. હિવાળે | લેન્ટ મીટીંગ | ૫૦૦/- |
| શ્રીમતી આગ્નેશબેન જે. માસ્ટર | લેન્ટ મીટીંગ | ૫૦૦/- |
| શ્રી માયુષભાઈ એ. રાઠોડ | | |
| ચિ. જેક પૂર્ણ સભાસદ થવાથી | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રીમતી કલ્પનાબેન એસ.મેકવાન | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી સત્યવતીબેન વી. દાસ | બર્થ ડે | ૧૫૦/- |
| ક્રિસ્ટી ટ્વીન્કલ વી. | બર્થ ડે | ૧૦૦૦/- |
| શ્રીમતી રીનાબેન જે. દાસ | બર્થ ડે | ૧૦૦૦/- |
| કુ. એનેટ એન્થનીભાઈ ક્રિશ્ચિયન | | |
| પૂર્ણ સભાસદ થવાથી | આ.સ્તુતિ | ૫૦૦/- |
| કુ. મીનાક્ષીબેન વી.ક્રિશ્ચિયન | લેન્ટ મીટીંગ | ૧૦૦૦/- |
| શ્રીમતી કલ્પનાબેન વી.ક્રિસ્ટી | બર્થ ડે | ૧૦૦૦/- |
| શ્રી ક્રિસ્ટોફર એસ. ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૧૦૦/- |
| શ્રી નીલેષ રજનીકાંત રાઠોડ | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી રંજનબેન એ.સોલોમન | આ.સ્તુતિ | ૨૦૦/- |
| શ્રી સિલાસભાઈ જી.ચૌહાણ | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી મેરેલીનબેન એન.ચૌહાણ | બર્થ ડે | ૫૦૦/- |

## જાહેરાતો

- બાકી રહેલ લેન્ટની મિટીંગોમાં હાજરી આપશો પ્રાર્થના કરશો. સહકાર આપશો.
- તા. ૧૪-૦૪-૨૦૧૯ થી ૨૧-૦૪-૨૦૧૯ દરમિયાન દુઃખ સહન સપ્તાહની સભાઓમાં હાજરી આપશો.
- તા. ૧૯-૦૪-૨૦૧૯ ગુડફ્રાઈડેની ભજનસેવા સવારે ૯-૦૦ કલાકે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં મળશે. પ્રભુ ભોજન પળાવવામાં આવશે. કુટુંબ સાથે હાજરી આપશો.
- તા. ૨૧-૦૪-૨૦૧૯ 'ઈસ્ટર સન્ડે'ની ભજનસેવામાં દુઃખ સહન સપ્તાહના વક્તા મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં હાજર રહી વચનની સેવા આપશે.

## લેન્ટ મિટીંગો

- તા. ૦૬-૦૩-૨૦૧૯ને બુધવારથી શરૂ કરવામાં આવેલી મિટીંગ ચર્ચના જુદા જુદા વિસ્તારના કુટુંબોમાં તથા ચર્ચમાં રાખવામાં આવે છે. આ મિટીંગોમાં સર્વ તરફથી નાસ્તો, ઠંડાપીણા, આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવે છે. સર્વ ઉત્સાહથી ભાગ લે છે. દરરોજ જુદા જુદા વિષયો સંબંધી ટુંકું મનન કરાવવા માટે આવે છે. ખૂબજ સરસ સ્તુતિ - આરાધના કરવામાં આવે છે.

  આ કાર્યમાં સહકાર આપનાર તથા પ્રાર્થના અને ઉત્તેજનનો ટેકો આપનાર સર્વનો અંતઃકરણપૂર્વક આભાર.

## નાણાંકીય અહેવાલ ફેર્બુઆરી - ૨૦૧૯

| | | |
|---|---|---|
| તા.૦૧-૦૨-૧૯ની ઉઘડતી સિલક | રોકડ | ૨૫૭.૮૮ |
| | બેંક | ૪,૭૩,૯૨૮.૬૬ |
| તા.૦૮-૦૨-૧૯ સુધીની આવક | | ૯૧,૧૫૨.૦૦ |
| | કુલ | ૫,૬૫,૩૩૮.૫૪ |
| તા. ૨૮-૦૨-૧૯ ની બંધ સિલક | | |
| | રોકડ | ૧૦૯.૮૮ |
| | બેંકમાં | ૪,૮૯,૦૧૧.૬૬ |
| તા.૨૮-૦૨-૧૯ સુધીનો ખર્ચ | | ૭૬,૨૧૭.૦૦ |
| | કુલ | ૫,૬૫,૩૩૮.૫૪ |

શ્રી મનોજભાઈ સી. ચૌહાણ, ટ્રેઝરર